GJNV010015642026

Presented on : 17-06-2026
Registered on : 17-06-2026
Decided on : 20-06-2026
Duration : Y - M - D
00-00-03

**IN THE COURT OF**
**PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE**
**AT ,NAVSARI**
**(Presided Over by P.J.TAMAKUWALA)**

**CRMA S/625/2026**

**Exhibit No.7**

Applicant :
GAURAV KALYANMAL MEHRA
RESI. : S-19-367, WARD NO.9, PRATAPNAGAR,
LABOUR COLONY, BHILWADA, RAJASTHAN.

## VERSUS

Opponent :
The State of Gujarat

---

Advocate appearing for Applicant : MR. D.S.TAILOR
APP appearing for Opponent : MR. B.D.RATHOD

---

**Sec. 483 of THE BHARATIYA NAGARIK SURAKSHA SANHITA, 2023**

**-: ચુ કા દો :-**

૧. હાલની જામીન અરજીના અરજદાર/આરોપી નવસારી સાયબર ક્રાઈમ પો.સ્ટે.પાર્ટ–બી–ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૪૨૫૦૦૦૦૧/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૮(૪), ૬૧ તથા ઈન્ફોર્મેશન

ટેકનોલોજી એક્ટ ૨૦૦૦ ની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબનાં ગુનાનાં કામે હાલ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ તેઓએ જામીનમુકત થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ હાલની અરજી દાખલ કરેલ છે.

૨. સામાવાળા સ્ટેટ તરફે વિ.એ.પી.પી. શ્રી બી.ડી.રાઠોડ નાઓ હાજર રહેલા છે અને તેમણે આંક–૫ થી ત.ક.અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસનાં કાગળો રજૂ કરેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ અરજીમાં જણાવેલ વિગતો મુજબની દલીલો કરેલ છે. તેમની મુખ્યત્વે દલીલ એવી છે કે, સદર ગુનાનાં કામે અરજદાર/આરોપીને તા.૧૧–૦૬–૨૦૨૬ નાં રોજ અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરેલા અને અરજદાર/આરોપી વિરૂધ્ધ તા.૧૫–૦૬–૨૦૨૬ નાં કલાક ૧૬:૦૦ સુધીનાં પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર થયેલા અને તે રિમાન્ડ સમય પૂરો થયો ત્યારથી તેઓ જયુડિશિયલ કસ્ટડીમાં છે. ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો અરજદાર/આરોપીએ કરેલ નથી અને તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઈ પ્રથમ દર્શનીય પુરાવા નથી. ફરિયાદ ધ્યાને લેતાં તેમનાં ધ્વારા કોઈ વ્યકિતને લાલચ આપવામાં આવેલ હોય તવું બનેલ નથી, કે ખોટી રીતે કોઈ વ્યકિત પાસે તેમનાં બેંક ખાતામાં પૈસા મંગાવેલા નથી કે લીધા નથી. અરજદાર/આરોપી વિરૂધ્ધ બેંક કીટ લઈ જવાનો તથા કમિશન પેટે નાણાં મેળવેલાનો આક્ષેપ છે પરંતુ તેવું કોઈ કૃત્ય તેમણે કરેલ નથી. સદરહુ ગુનાનાં કામે પકડાયેલ અન્ય સહઆરોપીઓને વિ.ચીફ જયુડિ.મેજિ.કોર્ટ, નવસારી ધ્વારા

જામીનમુકત કરવામાં આવેલ છે. તે સંજોગોમાં હાલનાં અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર છે. વધુમાં, અગાઉ પકડાયેલ આરોપીઓ વિરૂઘ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ થઈ ગયેલ છે, જે ફો.કે.નં.૫૧૦૬/૨૦૨૫ થી પેન્ડિંગ છે. અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. વધુમાં, અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામેનાં રહીશ છે, કુટુંબની જવાબદારી તેમના શિરે છે અને કયાંય નાસી-ભાગી જાય તેવા નથી તેમજ તેઓ વિરૂઘ્ધ દાખલ થયેલ ફરિયાદની તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ થતા અને કેસનો નિર્ણય આવતા લાંબો સમય જાય તેમ છે અને તે દરમ્યાન જામીનમુકત કરવામાં ન આવે તો પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. તેઓ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. જેથી જામીનના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા સ્થાપિત કરવામાં આવેલ સિઘ્ધાંતો ઘ્યાને લઈ હાલની આ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૪. સામાવાળા સ્ટેટ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ત.ક.અમલદારનાં સોગંદનામામાં જણાવ્યા મુજબની વિગતો તેમની દલીલોમાં જણાવેલ છે. તેમની મુખ્યત્વે દલીલ છે કે, સદર કામે અગાઉ પકડાયેલ આરોપી સૂર્યપ્રકાશ ગોવિંદરામ મારૂનાં આઈ.ડી.એફ.સી. બેંક એકાઉન્ટમાં ફરિયાદીનાં સાયબર ફ્રોડનાં નાણાં રૂ.૧૯,૦૦,૦૦૦/- જમા થયેલા, જે બેંક એકાઉન્ટની કીટ હાલનાં અરજદાર/આરોપીએ અગાઉ પકડાયેલ આરોપી રાહુલ કનૈયાલાલ માહેશ્વરીનાં કહેવા મુજબ અલગ અલગ વ્યકિતઓ

પાસેથી મેળવી લઈ આરોપી રાહુલનાં કહેવા મુજબ અગલ અલગ મોબાઈલમાં કીટની ડીટેલ્સ નાંખી તેમાં ફ્રોડનાં નાણાંનાં ટ્રાન્ઝેકશન કરાવડાવેલા અને કીટ લઈ આવવા માટે કમિશન પેટે ચાલીસ થી સાઈઠ હજાર તેમને મળતા હોવાનુંતપાસમાં ખૂલવા પામેલ છે. આમ, અરજદાર/આરોપી વિરૂઘ્ધ પ્રથમ દર્શનીય કેસ છે, હાલ ગુનાની તપાસ ચાલુ છે, અરજદાર/આરોપી અન્ય રાજયનાં રહેવાસી છે. જો તેઓને જામીનમુકત કરવામાં આવે તો ફરીથી આ પ્રકારની ગેકાયદેસર પ્રવૃત્તિ કરે તથા પુરાવાનો નાશ કરે તે સંભાવના રહેલી છે તેમજ આવા પ્રકારનાં ગુના આચરતા આરોપીઓને કાયદાનો ડર રહેશે નહિ અને આવી ગુનાહિત પ્રવૃત્તિને ઉત્તેજ મળે તેમ છે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

૫. જામીન અરજી, અરજદાર/આરોપી તરફે આંક–૩ અને ૬ નાં લીસ્ટ સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, ત.ક.અમલદારનું સોગંદનામું, તપાસનાં કાગળો તથા બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજૂઆતો ઘ્યાને લેતા,

(૧) સદર ગુનો સાયબર ફ્રોડને લગતો છે જેમાં સાયબર ફ્રોડથી ફરિયાદીનાં કુલ રૂ.૪૨,૧૯,૮૦૦/– અલગ અલગ બેંક એકાઉન્ટોમાં જુદા જુદા સમયે આરોપીઓ ઘ્વારા ટ્રાન્સફર કરાવી લેવામાં આવેલા હતા.

(૨) સદરહ ગુનામાં અરજદાર/આરોપીનો ગુનામાં ભજવેલ ભાગ જોવામાં આવે તો, સદર કામે અગાઉ પકડાયેલ આરોપી સૂર્યપ્રકાશ ગોવિંદરામ મારૂનાં આઈ.ડી.એફ.સી.

બેંક એકાઉન્ટમાં ફરિયાદીનાં સાયબર ફ્રોડનાં નાણાં ૩.૧૯,૦૦,૦૦૦/– જમા થયેલા, જે બેંક એકાઉન્ટની કીટ હાલનાં અરજદાર/આરોપીએ અગાઉ પકડાયેલ આરોપી રાહુલ કનૈયાલાલ માહેશ્વરીનાં કહેવા મુજબ અલગ અલગ વ્યકિતઓ પાસેથી મેળવી લઈ આરોપી રાહુલનાં કહેવા મુજબ અગલ અલગ મોબાઈલમાં કીટની ડીટેલ્સ નાંખી તેમાં ફ્રોડનાં નાણાંનાં ટ્રાન્ઝેકશન કરાવડાવેલા અને કીટ લઈ આવવા માટે કમિશન પેટે ચાલીસ થી સાઈઠ હજાર તેમને મળતા હોવાનું અને તે રીતે ગુનામાં ભાગ ભજવેલ હોવાનો અરજદાર/આરોપી સામે આરોપ છે.

(૩) સદર ગુનાનાં કામે અરજદાર/આરોપીને તા.૧૧–૦૬–૨૦૨૬ નાં રોજ અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરેલા અને તેઓ વિરૂધ્ધ રિમાન્ડ પ્રક્રિયા પૂર્ણ થઈ ત્યારથી તેઓ જયુડિશિયલ કસ્ટડીમાં છે. આમ, અરજદાર/આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટરોગેશન પૂર્ણ થઈ જવા પામેલ છે.

(૪) સદર ગુનાનાં કામે અગાઉ અટક કરવામાં આવેલ તમામ સહઆરોપીઓ વિ.ચીફ જયુડિ.મેજિ.કોર્ટ, નવસારી ધ્વારા જામીનમુકત કરવામાં આવેલ છે. તે જામીનમુકત થયેલ આરોપીઓનાં ગુનામાં ભજવેલ ભાગ સાથે હાલનાં અરજદાર/આરોપીનો ગુનામાં ભજવેલ ભાગ ધ્યાને લેવામાં આવે તો અરજદાર/આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર જણાય છે.

(૫) અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ જણાઈ આવેલ નથી.

આમ, ઉપરોકત હકીકતો સાથે અરજદાર/આરોપીની ગુનામાં ભજવેલ ભૂમિકા, ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **રમેશભાઈ બટુભાઈ ડાભી –વિ.– સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૧(૦) એ.આઈ.જે.ઈ.ટી. (એચ.સી.) ૨૨૫૦૭ નાં કેસમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત તથા નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ''સંજય ચન્દ્રા –વિરુધ્ધ– સી.બી.આઈ., ૨૦૧૧(૦) એ.આઈ.જે.ઈ.એલ. (એસ સી.) ૫૦૭૦૯''** નાં ચુકાદામાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ન્યાયીક ડીસ્ક્રીશન વાપરવું યોગ્ય જણાઈ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**–: હુ ક મ :–**

**(૧)** અરજદાર/આરોપી : ગૌરવ કલ્યાણમલ મેહરા નાઓએ નવસારી સાયબર ક્રાઈમ પો.સ્ટે.પાર્ટ–બી–ગુ.ર. નં.૧૧૮૨૨૦૨૪૨૫૦૦૦૦૧/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતા ૨૦23 ની કલમ–૩૧૮(૪), ૬૧ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ ની કલમ–૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુનાના કામે કરેલ રેગ્યુલર ફોજદારી પરચુરણ જામીન અરજી નં.૬૨૫/૨૦૨૬ આથી 'મંજૂર' કરવામાં આવે છે.

અરજદાર/આરોપી રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ

હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાત-મૂચરકા સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

**૧.** અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો અને ત.ક.અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવુ તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવું.

**૨.** સદરહુ ગુનાનું ચાર્જશીટ ન થાય ત્યાં સુધી અરજદાર/આરોપીએ દર મહિનાની ૦૧ (પહેલી) તથા ૧૬ (સોળમી) તારીખે સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

**૩.** અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના સ્થાયી/ સ્થાનિક રહેઠાણનું સરનામું દર્શાવતો કોઈપણ આધાર પુરાવો તપાસ કરનાર અમલદારશ્રી તથા નામ.કોર્ટ સમક્ષ રજૂ કરવો તથા અરજદાર/આરોપી કોર્ટની પૂર્વ પરવાનગી વિના રહેઠાણ બદલી શકશે નહિ તેમજ ભારત દેશની હદ છોડી શકશે નહિ.

**૪.** અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધીત ટ્રાયલ કોર્ટ સમક્ષ દિન-૭ માં રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

**૫.** અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાક્ષીઓને ફોડવા કોશિષ કરવી નહિ કે પુરાવા સાથે ચેડાં કરવા નહિ.

**૬.** અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાવું નહિ.

**૭.** ટ્રાયલ ચલાવતી કોર્ટ શરતોમાં ફેરફાર કરી શકશે.

**(૨)** આ હુકમની યાદી સંબંધીત ટ્રાયલ કોર્ટને તથા પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજ તારીખ : ૨૦, જૂન, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Sd/-**
**(પ્રતિક જે. તમાકુવાલા)**
સેશન્સ જજ, નવસારી.
CODE No.GJ 00581

નવસારી,

તારીખ : ૨૦–૦૬–૨૦૨૬.

A.G.KULKARNI, P.A.